Mid Day News paper, Mumbai/ Date: 15-12-2008





**આપણી જોડી જામશે? :** 'તારે ઝમીન પર'માં આમિર અને દર્શિલ સફારી.

# આમિર ખાનની ફિલ્મમાં ગુજરાતી ઍનિમેશન-આર્ટિસ્ટની કમાલ

## હિન્દી ફિલ્મોમાં પહેલી વાર 'તારે ઝમીન પર'માં ખાસ પ્રકારની ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે

હૉલીવુડમાં ક્લેમેશન નામની ઍનિમેશન ટેક્નૉલૉજી બહુ લોકપ્રિય છે. બૉલીવુડમાં આમિર ખાનની 'તારે ઝમીન પર'માં પહેલી વાર આ ટેક્નૉલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આમિરની ફિલ્મમાં આ પ્રકારનું ઍનિમેશન કર્યું છે ધીમંત વ્યાસ નામના ગુજરાતી ઍનિમેશન-આર્ટિસ્ટે. ધીમંત વ્યાસ આ પહેલાં પણ આમિર સાથે 'લગાન'માં કામ કરી ચૂક્યા છે. ફિલ્મમાં ઓપનિંગ ક્રેડિટ આપતી વખતે લગભગ ત્રણ મિનિટ સુધી બાળકલાકાર ઈશાન અને તેની ગમતી વસ્તુઓની ઓળખાણ આપવા તેમણે ક્લેમેશન તરીકે ઓળખાતી ઍનિમેશન ટેક્નૉલૉજીનો ઉપયોગ કર્યો છે.

આ ઍનિમેશન ટેક્નિક વિશે ધીમંત વ્યાસ કહે છે, 'હું છેલ્લાં બાર વર્ષથી ઍનિમેશનના વ્યવસાય સાથે સંકળાયેલો છું. આમિરે મને તેની ફિલ્મની વાર્તા વિગતવાર જણાવીને આ ફિલ્મના પાત્રને વાર્તા સાથે મૅચ થાય એવો ખાસ ઍનિમેશન લુક આપવાનું કહ્યું હતું. મેં તેને હૉલીવુડમાં બહુ લોકપ્રિય એવી ક્લે ઍનિમેશન ટેક્નિકનો ઉપયોગ કરવાનો આઇડિયા આપ્યો, જે તેને પસંદ પડી ગયો. ફિલ્મની શરૂઆતની ક્રેડિટ માટે લગભગ ત્રણ મિનિટ સુધી ક્લે ઍનિમેશન ટેક્નિકનો ઉપયોગ કરીને ઈશાન અને તેની પ્રિયપાત્ર વસ્તુઓની ઓળખાણ આપવામાં આવી છે.'

- *સોનલ ચાવલા*